**રજુ તારીખ : ૦૧.૦૭.૨૦૨૬**
**દાખલ તારીખ : ૦૧.૦૭.૨૦૨૬**
**નિકાલ તારીખ : ૦૬.૦૭.૨૦૨૬**
**અવધિ : વર્ષ માસ દિવસ**
**૦૦ ૦૦ ૦૬**

**મહીસાગર જીલ્લાના મહેરબાન સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.લુણાવાડા**
**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૪૧૪/૨૦૨૬**

**આંક : ૦૬**

**અરજદાર/આરોપી :- પટેલ હિતેશકુમાર ડાહ્યાભાઇ,**
ઉ.વ.૪૫, ધંધો-ખેતી/કોન્ટ્રાક્ટર,
રહે. શીવડવાળા ઝીંઝવા,
તા.કડાણા, જી.મહીસાગર.

**વિરૂદ્ધ**

**સામાવાળા :- ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**બાબત:-** **બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી.**

| |
|---|
| અરજદાર તરફે વિ.વકીલ **શ્રી આર. આર. સુથાર** |
| સામાવાળા તરફે વિ.પી.પી. **શ્રી એસ. આર. ડામોર** |

**-: ઠ રા વ :-**

(૧) આ કામનાં અરજદાર/આરોપી સી.આઇ.ડી.ક્રાઇમ વડોદરા ઝોન ગુ.ર.નં.૧૧૨૦૧૦૦૫૨૫૦૦૦૩/૨૦૨૫, ઇ.પી.કો.કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૧૪, ૧૨૦(બી) તથા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ-૧૩(૧)(એ), ૧૩(૧)(બી), ૧૩(૨), ૭(એ) મુજબનાં ગુનાનાં કામે રેગ્યુલર જામીન અરજી બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ દાખલ કરેલ છે.

(૨) સદર ગુનાના કામે એફ.આઈ.આર. તા.૨૨.૦૬.૨૦૨૫ નાં રોજ નોંધાતા, અરજદારને તા.૨૯.૦૬.૨૦૨૬ નાં રોજ અટક કરી નામ. કોર્ટ સમક્ષ રજુ કરેલ અને ત્યારથી અરજદાર જયુડીશીયલ કસ્ટડીમાં છે. હાલનાં ગુનાની તપાસ પૂર્ણ થયા બાદ સદર અન્ય સહઆરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ થયેલ છે. અરજદાર તરફે હાલની રેગ્યુલર જામીન અરજી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રી આર.આર.સુથાર દ્વારા રજુઆત કરેલ છે કે, અરજદાર સામેનાં આક્ષેપો અંગે તેઓ સદર કેસનાં ગુણદોષમાં ગયા વગર પેરીટીનાં ગ્રાઉન્ડ ઉપર સદર કેસમાં જામીન આપવા અરજ કરે છે અને સદર કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ જ ગુનાનાં અન્ય આરોપીઓ/ કોન્ટ્રાકટરોને, તેમની સામેની રીકવરીની રકમનાં ૧૫% લેખે સ્વૈચ્છીક રીતે નાણા ડિપોઝીટ કરવાની તૈયારી દર્શાવેલ હોય તેઓને જામીન મુક્ત કરવામાં આવેલ છે. હાલનાં અરજદાર પણ સદર કામે સ્વૈચ્છીક રીતે તેમની સામેની આક્ષેપીત રીકવરીની રકમનાં ૧૫% રકમ નામદાર કોર્ટમાં જમા કરાવવા તૈયાર છે અને તે બાબતે અલાયદી પુરસીસ આપેલ છે તે ધ્યાને લઈ અરજદારનાં જામીન મંજૂર કરવા અરજ કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલનાં અરજદાર પણ કોન્ટ્રાકટર છે. તેમનો રોલ પણ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા જામીનમુક્ત કરેલ તથા અન્ય સહઆરોપીઓ, કોન્ટ્રાકટરોને અત્રેની અદાલતે જામીન ઉપર મુકત કરેલ છે તેમનાં જેવો જ છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદાર સ્થાવર તેમજ જંગમ મિલકતો ધરાવે છે અને ક્યાંય નાસી–ભાગી જાય તેવા નથી. તેમજ નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવા તૈયાર છે.

સદર ગુનાનાં કામે અન્ય સહઆરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ થયેલ, જે સ્પે.(એ.સી.બી.) કેસ નં.૧/૨૦૨૫, ૭/૨૦૨૫, ૧/૨૦૨૬ તથા ૨/૨૦૨૬ થી દાખલ થયેલ છે. હાલનાં ગુનાની મોટા ભાગની તપાસ પૂર્ણ

થઇ ગયેલ છે. આથી, અરજદારની પોલીસ તપાસનાં કામે કોઇ કસ્ટડીની જરૂરીયાત નથી. જેથી અરજદારનાં જામીન મંજૂર કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા તરફે જામીન અરજીનો વિરોધ કરતા વિ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, આ ગુનાની તપાસ દરમિયાન એવી હકિકત ફલિત થયેલ છે કે, અરજદાર કોન્ટ્રાકટર છે. અરજદાર વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ છે. ત.ક.અમલદાર નાઓએ રજુ કરેલ સોગંદનામા મુજબ અરજદાર પાસેથી વાસ્મો દ્વારા કુલ રૂ.૭૪,૧૮,૮૪૮/- ની રીકવરીની નોટીસ આપેલ છે. નામદાર ગુજરાત હાઇકોર્ટનાં હુકમને ધ્યાને રાખી યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોનાં વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને લીધી. આ કામે પોલીસ પેપર્સ વંચાણે લીધું. ત.ક.અમલદારનું સોગંદનામું આંક-૪ તથા અરજદારનાં વિ.વ.શ્રી દ્વારા રકમ સ્વૈચ્છીક રીતે જમા કરાવવાનું જાહેર કરતી પુરસીસ આંક-૫ થી રજુ કરેલ છે જે ધ્યાને લીધી. હાલનાં અરજદાર વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ થયેલ નથી.

અરજદાર વિરૂદ્ધ સદર ગુનાનાં પોલીસ તપાસનાં કાગળો ધ્યાને લીધાં. તેમજ અરજદાર તરફે રજુ થયેલા દસ્તાવેજો ધ્યાને લીધાં. સદર કામે સી.આઇ.ડી.ક્રાઇમ વડોદરા ઝોન ગુ.ર.નં.૧૧૨૦૧૦૦૫૨૫૦૦૦૩/ ૨૦૨૫, ઇ.પી.કો.કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૧૪, ૧૨૦(બી) તથા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ-૧૩(૧)(એ), ૧૩(૧)(બી), ૧૩(૨), ૭(એ) મુજબનો ગુનો નોંધાયેલ. અરજદારને સદર ગુનાનાં કામે તા.૨૯.૦૬.૨૦૨૬ નાં રોજ અટક કરેલ ત્યાર બાદથી અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે. આ કામનાં અરજદાર કોન્ટ્રાકટર છે. 'નલ સે જલ' યોજના અંતર્ગત કરેલ કામો અંગે આક્ષેપ મુજબનો ગુનો કર્યાનું પ્રથમદર્શને જણાય છે.

આ જ ગુનાનાં કામે અન્ય સહઆરોપી જેઓએ પણ કોન્ટ્રાક્ટર તરીકે કામ કરેલ, તેઓને નામ. હાઇકોર્ટ દ્વારા તથા અત્રેની કોર્ટ દ્વારા જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ છે. નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા બન્નાલાલ રણજીતલાલ રેબારી નાઓને ક્રિ.પ.અ.નં.૩૧/૨૦૨૬ નાં કામે તા.૨૩.૦૧.૨૦૨૬ નાં રોજ કરેલ હુકમ મુજબ જામીન ઉપર મુક્ત કરેલ, જેમાં અરજદાર દ્વારા એફ.આઈ.આર. માં જણાવેલ ૧.૫ કરોડ ની રકમની ગેરરીતી કરેલ હોવાનું જણાવેલ હતું અને તે કેસમાં અરજદાર/આરોપીએ સ્વૈચ્છીક રીતે રૂા.૩૫,૦૦,૦૦૦/– કોર્ટમાં જમા કરાવાની તૈયારી દર્શાવેલ હતી. તેમજ ચીમનભાઈ સુખાભાઈ પટેલ નાઓને નામદાર ગુજરાત હાઇકોર્ટે ક્રિ.પ.અ.નં.૨૬૫૭૬/૨૦૨૫ ના કામે તા.૨૪.૧૨.૨૦૨૫ નાં રોજ જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ છે, જેમાં અરજદાર દ્વારા એફ.આઈ.આર. માં જણાવેલ ૧.૫૦–૧.૮૦ કરોડ ની રકમની ગેરરીતી કરેલ હોવાનું જણાવેલ હતું અને તે કેસમાં અરજદાર/આરોપીએ સ્વૈચ્છીક રીતે રૂા.૭૫,૦૦,૦૦૦/– કોર્ટમાં જમા કરાવાની તૈયારી દર્શાવેલ હતી.

ઉપરોક્ત બંને આરોપીઓ બન્નાલાલ રણજીતલાલ રેબારી તથા ચીમનભાઈ સુખાભાઈ પટેલ નાઓને નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા કેટલીક શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવામાં આવેલા છે. વધુમાં સદર ગુનાનાં કામે નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા કોન્ટ્રાક્ટરો તથા અન્ય સહઆરોપીઓને તેઓની સામેની રીકવરીની રકમનાં ૧૫% રકમ ડિપોઝીટ કરવાની શરતે જામીન મુક્ત કરવામાં આવેલ હોય અને તે આધારે અગાઉ આ જ ગુનાનાં અન્ય સહઆરોપીઓને અત્રેની કોર્ટ દ્વારા જામીનમુક્ત કરવામાં આવેલ. હાલનાં અરજદાર તેમની સામેની આક્ષેપીત રીકવરી રૂા.૭૪,૧૮,૮૪૮/– નાં ૧૫% લેખે અંદાજીત રકમ રૂા.૧૧,૧૩,૦૦૦/– સ્વૈચ્છીક રીતે કોર્ટમાં જમા કરાવવા તૈયારી દર્શાવતી પુરસીસ આંક–૫ થી રજુ કરેલ છે, જે પૈકી રૂા.૧૦,૦૦,૦૦૦/– જામીન મુક્ત થતાં સમયે તથા બાકીની રકમ રૂા.૧,૧૩,૦૦૦/– બે(૨) માસમાં જમા કરવા અંગે મુદ્દત માંગેલ છે. જેથી નામદાર ગુજરાત હાઇકોર્ટનાં ઉપરોકત ચુકાદાઓ ધ્યાને રાખી

સદર અરજદારને પેરીટીનો લાભ આપી રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા વિવેકબુદ્ધિની સત્તા વાપરવી યોગ્ય અને ન્યાયી જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુ ક મ : –**

**(૧)** અરજદાર/આરોપી **પટેલ હિતેશકુમાર ડાહ્યાભાઇ,** ઉ.વ.૪૫, ધંધો– ખેતી/કોન્ટ્રાક્ટર, રહે. શીવડવાળા ઝીંઝવા, તા.કડાણા, જી.મહીસાગર નાઓની બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ અરજદારને નીચેની શરતોએ રેગ્યુલર જામીન મુક્ત થવાની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** અરજદાર/આરોપીએ રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) નાં સદ્ધર જામીન તથા તેટલી જ રકમનાં જાત જામીન **જીલ્લા રજીસ્ટ્રારશ્રી** રૂબરૂ રજુ કર્યેથી સી.આઇ.ડી.ક્રાઇમ વડોદરા ઝોન ગુ.ર. નં.૧૧૨૦૧૦૦૫૨૫૦૦૦૩/૨૦૨૫,ઇ.પી.કો.કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૧૪, ૧૨૦(બી) તથા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–૧૩(૧)(એ), ૧૩(૧)(બી), ૧૩(૨), ૭(એ) મુજબનાં કામે નીચેની શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

(૧) અરજદારે રૂા.૧૧,૧૩,૦૦૦/–**(અંકે રૂપિયા અગિયાર લાખ તેર હજાર પૂરા)** સ્વૈચ્છીક રીતે કોર્ટમાં જમા કરવાનું જણાવેલ છે, તે પૈકી રૂા.૧૦,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ લાખ પૂરા) ડિસ્ટ્રીકટ કોર્ટ, નાઝીર શાખા, જિલ્લા ન્યાયલય, લુણાવાડામાં જમા કર્યેથી જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે તથા અરજદારે બાકી રહેતી રકમ **રૂા.૧,૧૩,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ તેર હજાર પૂરા)** બે (૨) માસમાં જમા કરાવવાની રહેશે.

(૨) અરજદારે કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજ્યની

હદ છોડવી નહીં.

(૩) અરજદારે ફરિયાદપક્ષનાં પુરાવાને તોડવા ફોડવા કે ચેડાં કરવા નહીં.

(૪) અરજદાર પાસપોર્ટ ધરાવતાં હોય તો તાત્કાલિક નામદાર કોર્ટમાં જમા કરાવવો, નહીં તો તે મતલબનું સોગંદનામું કરવું.

(૫) અરજદાર તથા જામીનદારે પોતાના રહેઠાણનો સરકારી પુરાવો કોર્ટમાં તથા જામીન આપતી વખતે રજુ કરવો તથા ત.ક.અમલદાર સમક્ષ રજુ કરવો અને ત.ક.અમલદારને પૂર્વ જાણ કર્યા સિવાય તેમાં ફેરફાર કરવો નહીં.

(૬) અરજદારે દર મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં છ માસ સુધી સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પૂરાવવી.

(૭) અરજદારે પોતાની સ્વતંત્રતાનો ગેરલાભ ઉઠાવવો નહીં.

(૩) નાઝરશ્રી, જીલ્લા અદાલત, મહીસાગર નાઓએ અરજદાર તરફે જમા કરાવેલ ડિપોઝીટની રકમ એફ.ડી. કરવી.

(૪) સંબંધિત પોલીસ સ્ટેશન તથા જેલરશ્રી, સબ–જેલ, સંતરામપુરનાં નાઓને જરૂરી યાદી કરવી.

હુકમ આજ રોજ તા.૦૬ ઠ્ઠી, માહે–જૂલાઇ, સને–૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬.૦૭.૨૦૨૬
લુણાવાડા.

( **એમ. એન. ગડકરી** )
સેશન્સ જજ, લુણાવાડા, જી.મહીસાગર.
જીજે૦૦૪૨૫

NDK